# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકાસના લાભો આદિવાસી સમુદાયો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાના તેમની સરકારના સંકલ્પની પુનઃપુષ્ટિ કરી

2) રાષ્ટ્રીય લોકશાહી જોડાણના સાથી પક્ષોના નેતાઓએ બિહારમાં સરકાર બનાવવા માટેની તૈયારીઓ શરૂ કરી.

3) દિલ્હી ક્રાઈમ બ્રાન્ચે અલ-ફલાહ યુનિવર્સિટી સામે બે અલગ અલગ FIR નોંધી.

4) તમિલનાડુ અને પુડુચેરીમાં વિવિધ સ્થળોએ આજે ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી

5) બીજી ઇનિગમાં દક્ષિણ આફ્રિકાની 93 રનમાં સાત વિકેટ પડી જતાં કોલકત્તાના ઇડનગાર્ડન્સ પર રમાઇ રહેલી પહેલી ટેસ્ટ રસપ્રદ બની.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MODI SURAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આદિવાસી સમુદાયો સામેના અન્યાયનો અંત લાવવા અને વિકાસના લાભો તેમના સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાના તેમની સરકારના સંકલ્પની પુનઃપુષ્ટિ કરી અને કહ્યું કે આદિવાસી કલ્યાણ હંમેશા તેમની સરકાર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા રહ્યું છે. શ્રી મોદીએ ગુજરાતના આદિવાસી પ્રભુત્વ ધરાવતા નર્મદા જિલ્લાના ડેડિયાપાડા શહેરમાં 9 હજાર 700 કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરતી વખતે તેમણે આ મુજબ જણાવ્યુ. પ્રધાનમંત્રીએ કહ્યું કે સરકાર આદિવાસી જીવનના દરેક પાસાને સંબોધવા માટે વ્યાપક અભિગમ સાથે કામ કરી રહી છે.

દરમિયાન ગઈકાલે સાંજે, ગુજરાતના સુરતમાં રહેતા બિહારી સમુદાયને સંબોધતા, શ્રી મોદીએ વિધાનસભા ચૂંટણીમાં NDAને ઐતિહાસિક વિજય અપાવવા બદલ બિહારના લોકોનો આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે બિહાર હવે વિકાસની નવી ઊંચાઈઓ સર કરવા માટે તૈયાર દેખાય છે, જે આ ચૂંટણીમાં જોવા મળ્યું છે.

(બાઇટ- PM MODI)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે મણિપુરના કાંગપોકપી જિલ્લાના સોંગપેજુંગ ગામમાં એકલવ્ય મોડેલ રહેણાંક શાળાનો વર્ચ્યુઅલી શિલાન્યાસ પણ કર્યો હતો.

# BIHAR-POLITICS

બિહાર વિધાનસભા ચૂંટણીના સમાપન પછી, નવી સરકારની રચના અંગે અનૌપચારિક ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

ગઇકાલે, કેન્દ્રીય મંત્રી અને લોક જનશક્તિ પાર્ટીના-રામ વિલાસ પાસવાને જનતા દળ-યુનાઈટેડના પ્રમુખ અને મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે મુલાકાત કરી. બાદમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે તેમણે મુખ્યમંત્રી સાથે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી.

ચિરાગ પાસવાને કહ્યું કે બેઠક દરમિયાન સરકાર અને ગઠબંધનની રચના પર પણ ચર્ચા થઈ. હિન્દુસ્તાની અવમ મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ સંતોષ સુમને પણ મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે મુલાકાત કરી. શ્રી સુમનએ જણાવ્યું કે નીતિશ કુમાર ગઠબંધનના સર્વાનુમતે સ્વીકૃત નેતા છે.

દરમિયાન, ભાજપના પ્રદેશ પ્રમુખ દિલીપ જયસ્વાલે જણાવ્યું હતું કે સરકાર રચના પ્રક્રિયા અંગેની દરેક બાબતને બે દિવસમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. તેમણે ઉમેર્યું કે ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ આ અંગે નિર્ણય લેશે.

# SHAH NZC MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે હરિયાણાના ફરીદાબાદમાં ઉત્તરીય ઝોનલ કાઉન્સિલ (NZC)ની બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રીઓ, દિલ્હી, જમ્મુ અને

કાશ્મીર અને લદ્દાખના ઉપરાજ્યપાલો અને ચંદીગઢના પ્રશાસક સહિત અન્ય લોકો હાજર રહે તેવી અપેક્ષા છે.

NZCની 32મી બેઠકમાં રાજ્ય સરકારો વચ્ચે સંકલન, પાણી વહેંચણીના મુદ્દાઓ અને વિકાસ કાર્યો અંગે ચર્ચા થવાની અપેક્ષા છે.

# DELHI - AL FALAH FIR

દિલ્હી ક્રાઈમ બ્રાન્ચે અલ-ફલાહ યુનિવર્સિટી વિરુદ્ધ બે અલગ-અલગ FIR નોંધી છે. એક FIR છેતરપિંડી અને બીજી બનાવટની કલમો હેઠળ નોધાઈ છે.

દિલ્હી પોલીસના સૂત્રના જણાવ્યા અનુસાર, ક્રાઈમ બ્રાન્ચની એક ટીમે ગઈકાલે રાષ્ટ્રીય રાજધાની ઓખલામાં અલ-ફલાહ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. દિલ્હી પોલીસે યુનિવર્સિટીને નોટિસ પણ જારી કરી છે અને કેટલાક દસ્તાવેજો માંગ્યા છે.

પોલીસે જણાવ્યું હતું કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા સમીક્ષા દરમિયાન ગંભીર ગેરરીતિઓ મળી આવ્યા બાદ FIR દાખલ કરવામાં આવી હતી.

# DEFENCE- GARUDA EXERCISE

ભારતીય વાયુસેના આજથી ફ્રાન્સમાં શરૂ થઈ રહેલી દ્વિપક્ષીય વાયુસેના કવાયત, ગરુડ 25ની આઠમી આવૃત્તિમાં ભાગ લેશે.

**વાયુસેના 27 નવેમ્બર સુધી ફ્રેન્ચ વાયુ અને અવકાશ દળ સાથે કવાયત કરશે.**

**સાંભળીએ એક અહેવાલ..**

(V/C- WN---AKARSHITA)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# SIKKIM-DOKLAM

**સિક્કિમ સરકારે, વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ ડોકલામ અને ચો લા સ્થળો આ વર્ષે ૧૫ ડિસેમ્બર સુધીમાં પ્રવાસીઓ માટે ખુલ્લા મૂકવાની જાહેરાત કરી છે. આ નિર્ણય સાથે, નાગરિકોને પ્રથમ વખત આ ઉચ્ચ સુરક્ષાવાળા સરહદી વિસ્તારોમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે.**

સિક્કિમ સરકારના આ પગલાનો હેતુ સાહસ અને વારસા પર્યટનને પ્રોત્સાહન આપવાનો છે.

પ્રસ્તુત છે એક અહેવાલ..

(V/C - MANAS SIKKIM - DOKLAM)

# REV. SABARIMALA

કેરળમાં આવેલ પ્રખ્યાત સબરીમાલા અયપ્પા મંદિર આજે પવિત્ર મંડલા મકરવિલક્કુ યાત્રા માટે ખુલ્લુ મુકાશે. લાખો શ્રદ્ધાળુઓ પહાડીની  ટોચ પર આવેલા આ મંદિરની મુલાકાત લેશે તેવી અપેક્ષા છે. મંદિરના ઉદ્ઘાટન માટે અંતિમ તૈયારીઓ ચાલી રહી છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે તમિલનાડુ અને કરાઈકલમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. કેરળ અને માહેમાં પણ આજે અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગ અનુસાર, પૂર્વ રાજસ્થાન, ઝારખંડ અને ઉત્તર પ્રદેશના અલગ અલગ વિસ્તારોમાં આજે શીત લહેરની સ્થિતિ યથાવત રહેવાની સંભાવના છે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મરાઠવાડા અને મધ્ય મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં આવતીકાલ સુધી આવી જ સ્થિતિ રહેવાની અપેક્ષા છે.

આ દરમિયાન, દિલ્હી-NCR માં હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ શ્રેણીમાં રહી છે, આજે સવારે 7 વાગ્યે હવા ગુણવત્તા સૂચકાંક – AQI 385 નોંધાયો છે. હવા ગુણવત્તા વ્યવસ્થાપન કમિશને દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન ના ત્રીજા તબક્કાનો અમલ કર્યો છે.

# TEST-CRICKET

ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના આજે ત્રીજા દિવસે દક્ષિણ આફ્રિકા 7 વિકેટે 93 રનના ગઇકાલના સ્કોર સાથે તેની રમત આગળ રમશે.

કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે રમાઈ રહેલી આ મેચમાં ગઈકાલની રમતના અંતે કેપ્ટન ટેમ્બા બાવુમા 29 રન અને કોર્બિન બોશ 1 રન સાથે રમતમાં હતા. દક્ષિણ આફ્રિકાએ અત્યાર સુધીમાં ભારત પર 63 રનની લીડ મેળવી છે.

આ પહેલા, ગઈકાલે ભારતનો પ્રથમ દાવ 189 રન પર સમેટાઈ ગયો હતો. ભારત તરફથી કેએલ રાહુલે સૌથી વધુ 39 રન જ્યારે વોશિંગ્ટન સુંદરે 29 રન બનાવ્યા હતા. પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકાએ પ્રથમ દાવમાં 159 રન બનાવ્યા હતા. ભારતીય બોલર જસપ્રીત બુમરાહે શાનદાર પ્રદર્શન કરતાં પાંચ અને  મોહમ્મદ સિરાજ અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી હતી.

# WORLD-BOXING-FINALS

આજથી વિશ્વ મુક્કેબાજી કપ ફાઇનલ્સ ટુર્નામેન્ટ શરૂ થશે. ગ્રેટર નોઈડાના શહીદ વિજય સિંહ પથિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે રમાનાર આ સ્પર્ધા 20 નવેમ્બર સુધી ચાલશે. બ્રાઝિલ, પોલેન્ડ અને કઝાકિસ્તાનમાં યોજાયેલા ત્રણ વિશ્વ  કપ તબક્કાઓ પછી, વિશ્વ કપ ફાઇનલ્સ -વિશ્વ મુક્કેબાજી કપ સિરીઝ 2025નો ભાગ છે. 18 દેશોના એકસો ત્રીસ બોક્સર આ સ્પર્ધામાં ભાગ લેશે.

ભારત તમામ 20 શ્રેણીઓમાં ભાગ લઈ રહ્યું છે, જેમાં વિશ્વ ચેમ્પિયન મીનાક્ષી, નિખત ઝરીન, જાસ્મીન અને સ્વીટી બોરા અવિનાશ જામવાલ અને હિતેશનો સમાવેશ થાય છે. અવિનાશ જામવાલ અને હિતેશે આ વર્ષના વર્લ્ડ કપ સર્કિટમાં બે-બે મેડલ જીત્યા હતા.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાત, ટ્રમ્પે મરી મસાલા પરના ટેરિફ ઘટાડ્યા અને કાશ્મીરમાં પોલીસ સ્ટેશનમાં વિસ્ફોટ સહિતના સમાચાર પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે - કોંગ્રેસે આદિવાસીઓને તેમના હાલ પર છોડી દીધા - મોદી
- નવગુજરાત સમય લખે છે-ટ્રમ્પે ટેરીફ ઘટાડતા ભારતીય મરી મસાલા, ચ્હા નિકાસકારોને લાભ થશે
- સંદેશનું મુખ્ય શીર્ષક છે- શ્રીનગર નવગામ પોલીસ સ્ટેશનમાં વિસ્ફોટ, નવના મોત
- ફુલછાબનું મુખ્ય શીર્ષક છે- કાશ્મીરના નવગામ પોલીસ સ્ટેશનમાં વિસ્ફોટ, 12ના મૃત્યુ
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે - ડોક્ટર મોડ્યુલ સે બરામત વિસ્ફોટક સે થાને મે ધમાકા, નૌ લોગો કી મોત